સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

આવશે 'અચ્છે દિન' કબીર-મીરાં કહી ગયાં,
ધૂંધળી આંખે વિકાસ વકાસતાં રહી ગયાં !
સહી ગયાં મોંઘવારીનો માર હોઠ ભીડીને -
આમ ને આમ, જફામાં ચાર વર્ષ વહી ગયાં...

હાઈકુ

પરણાવશું !
ભૈ, સારો દિ' જોઈને -
જરા મોટો થા!
(વાયદા - આશ્વાસન)

અમલ વિના,
આયોજન ના પાટે -
દોડે સપનાં...
(બૂલેટ જેમ)

ચિંતન

મુક્તઃ પ્રતિજ્ઞાનાત્ ।

ઉપરોક્ત સૂત્ર મુંડક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

પ્રતિજ્ઞા કરી હોવાથી એ સિદ્ધ થાય છે કે એ સ્વરુપ સર્વે પ્રકારના બંધનોથી મુક્ત હોય છે.

પરમાત્માને અને પરમાત્માના લોકને અથવા ધામને પ્રાપ્ત કરનાર મહાપુરુષ સદા ને માટે સર્વ પ્રકારનાં બંધનોથી છૂટી જાય છે. ઉપનિષદના આ સૂત્ર પરથી પ્રતીતિ થાય છે કે, પરમધામમાં પોતાના મૂળભૂત વાસ્તવિક સત્ય સ્વરૂપથી સંપન્ન થયા પછી મહાપુરુષ સર્વ પ્રકારનાં બંધનોથી રહિત, સંપૂર્ણ શુદ્ધિ, બુદ્ધ, વિભુ, વિકાર રહિત અને વિજ્ઞાનમય બની જાય ચે. એનું આખું સ્વરુપ અલૌકિક બની કે બદલાઈ જાય છે.

પરમાત્મા એ ગીતાની જેમ મૂંડકો ઉપનિષદમાં વચન આપ્યું છે કે ભક્તિ અને કર્મદ્વારા જીવન જીવનારને હું મુક્તિ આપીશ - એવો આત્મા જન્મ-મરણની ચોર્યાસીમાંથી બહાર નિકળી જાય છે.

સુવિચાર

- સમજણ કયારેય અધૂરી હોતી નથી, કેળવણી સમજણને રસ્તો ભૂલવાડે છે - **જીવન સૂત્ર**
- સંબંધમાં 'સખાપણું' આવશ્કય છે 'સરખાપણું' નહિં - **બોધિવૃક્ષ**
- હર રોજ ગિરકર ભી મુકમ્મલ બડે હૈ, એ જિંદગી... દેખ મેરે હોંસલે તુજ સે ભી બડે હૈ - **ઈશીતા**
- સંબંધને ગૂંથે એ જ સાચા સંબંધી, ગૂંચવવામાં તો ઘણા કલાકાર હોય છે - **ગુણવંત શાહ**
- પ્રશંસાની પ્રીતના હોય અને પ્રીતની પ્રશંસા ના હોય - **કાજલ ઓઝા**
- માણસને બુદ્ધિનો અભાવ નહિં પણ વધુ પડતી બુદ્ધિનો પ્રભાવ નડતો હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : આંબાના પાન સાથે કપૂર ને બાળી તેનો ધુમાડો શ્વાસમાં લેવાથી નાક ખૂલીને શરદીમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

મહારાષ્ટ્રમાં એક બાળકે શરદપૂનમનું વ્રત કર્યું. એમાં જાગરણ કરવાનું હતું. તેણે માતા પાસે ચોપાટ અને સોગઠાં માંગ્યા. માતાએ પૂછ્યું, 'સૌ સૂઈ ગયા છે તું ચોપાટ રમીસ કોની સાથે ?'

બાળકે કહ્યું, 'હું રમીશ, તમે સોગઠા અને ચોપાટ આપો.'

બાળકને રમવા કોઈ ન મળ્યું એટલે શેરીના છેડે આવેલો એક લાઈટનો થાંભળો પસંદ કર્યો. ડાબો હાથ એટલે થાંભલાનો દાવ અને જમણો હાથ એટલે પોતાનો દાવ.

આમ રમત શરુ થઈ. સવાર પડી. થાંબલાએ બે વાર બાળકને હરાવ્યો. એણે ઘરે આવી માને વાત કરી. માતાએ કહ્યું, અરે, તમે એક નિર્જીવ થાંભલાને હરાવી દીધો.' મા એ મજાક કરી.

બાળકે કહ્યું, એમાં શું થઈ ગયું ? જે સાચું છે તે આ છે. મારો ડાબો હાથ થાંભલાનો હતો અને એના પાસા જોરદાર પડ્યા કે હું હારી ગયો. એમાં ખોટું શું થયું ?

માતા બાળકની પ્રામાણિકતા જોઈ રાજી થઈ. બીજો બાળક હોત તો ગમે તે યુક્તિ કરી નિર્જીવ થાંભલાને હરાવી શક્યો હોત. પણ બાળકની ખેલદીલી ઉપર માતાને માત થયું. એ બાળક મોટો થી જસ્ટીન રાનડે તરીકે ઓળખાયા.

પ્રણવ દાના કાર્યક્રમનો નિરર્થક વિવાદ

તંત્રીસ્થાનેથી...

રાજકીય પક્ષો વચ્ચેની ગળાકાપ હૂંસાતૂંસી રચનાત્મક કાર્ય કરતી અને વિશિષ્ટ વિચારધારાનું સમર્થન કરતી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવી સંસ્થા પ્રત્યે અસ્પૃશ્યતા દાખવવા સુધી જાય તે ખૂબ જ કમનસીબ બાબત છે. સંઘના મૂળ સ્થાપક ડૉ. કેશવલ ધનિરામ હેડગેવાર કોંગ્રેસના સક્રિય સભ્ય તરીકે સેવાઓ આપી ચૂક્યા હતા. કેટલાક મતભેદોને અંતે એમણે દેશના બહુમતી હિંદુ સમાજને સંગઠિત કરવાના આશય સાથે ૧૯૨૫માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી હતી. સંઘમાં રાષ્ટ્રવાદની ભાવના સવિશેષ ઉજાગર થઈ જે આગળ જતાં એકાત્મ માનવવાદ તરીકે ઓળખાશે. દીનદયાલ ઉપાધ્યાય જેવા એકાત્મ માનવવાદના પુરસ્કર્તાએ સંઘ અને જનસંઘ વચ્ચે સેતુ રચી દીધો. કોંગ્રેસના નેતાઓ સંઘ પ્રત્યે હંમેશા સુગાળવી નજરે જોતા રહ્યા છે. જેમાં પ્રણવ મુખરજી પણ અપવાદ નથી. સંઘની રાજકીય પાંખ તરીકે વિકસેલ જનસંઘે કાળક્રમે સંસ્થા કોંગ્રેસ અને લોકદળ સાથે જોડાઈ જનતા પાર્ટી બનાવી હતી. પાછળથી આ જનતા પાર્ટી વેરવિખેર થઈ ગઈ. ભારતીય જનતા પાર્ટી જૂના જનસંઘનું જ નવું સ્વરુપ છે. હિંદુત્વની વિચારધારા અને હિંદુ રાષ્ટ્રની સંકલ્પના સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સતત ફાલતો ફૂલતો રહ્યો છે. એના પર ગાંધી હત્યાનો જઘન્ય આરોપ લાગ્યો ત્યારે તત્કાલીન ગૃહપ્રધાન અને નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે જ એના પર પ્રતિબંધ લાદ્યો હતો. જો કે પાછળથી સંઘ સામેના આક્ષેપો નિરાધાર ઠર્યા હતા. ખુદ મહાત્મા ગાંધી સંઘની શિસ્તથી પ્રભાવિત થયા હતા. પ્રથમ વડાપ્રધાન પંડિત નહેરુ સંઘની હિંદુત્વવાદી વિચારધારા સાથે સહમત નહોતા. પરંતુ સંઘના શિસ્તબદ્ધ સ્વયંસેવકો પ્રજાને કોઈ પણ કુદરતી આફત વખતે જે રીતે નિષ્ઠાપૂર્વક મદદ કરતા હતા તે જોઈને એમને પણ સંઘની પ્રશંસા કરી હતી. લાલ બહાદુર શાસ્ત્રી અને ઈંદિરા ગાંધી સુધ્ધાં સંઘની શિસ્ત અને સેવાઓથી પ્રભાવિત હતા. પરંતુ કાળક્રમે સંઘબળ કોંગ્રેસને સત્તા પરથી હટાવી ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્થાપવામાં સફળ નીવડતાં કોંગ્રેસના આગેવાનો સંઘ પ્રત્યે સૂગ રાખતાં થયા છે. સંઘ હિંદુ રાષ્ટ્રની હિમાયત કરે છે એની સાથે તો એના નાગપુરના તાલીમ કાર્યક્રમની પૂર્ણાહૂતિ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જઈ રહેલા પ્રણવ મુખરજી પણ સહમત નથી જ. પરંતુ હવે એ સોનિયા ગાંધી કે રાહુલ ગાંધીનો આદેશ માનવા બંધાયેલા નથી. કોંગ્રેસ એમને રાષ્ટ્રપતિ બનાવ્યા ત્યારથી તે નિષ્પક્ષ નેતા છે. દેશમાં ધર્મના નામે રાજકારણ ખેલાય તે આવકારદાયક બાબત નથી. સંઘ અને ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસને લઘુમતી વર્ગોને પંપાળવા અને હિંદુવિરોધી રાજકીય સંગઠન તરીકે ચીતરવાનો પ્રયાસ કર્યો છે, જેમાં આંશિક તથ્ય પણ હશે જ. પરંતુ એનો અર્થ એવો તો ન જ કરી શકાય કે દેશની એંશી ટકા વસતિનું સમર્થન કરનાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઑર્થોડોક્સ - સંકુચિત વિચારધારા ચલાવે છે. એ તો દેશમાં રહેનાર દરેક નાગરિકને 'હિંદુ' ગણે છે. હિંદુસ્તાનના ભવ્ય અને ભાતીગળ ઈતિહાસ અને સંસ્કૃતિના રખેવાળ તરીકે સંઘ કયારેક મુસ્લિમ અને ખ્રિસ્તી વિરોધી જરૂર લાગે છે. પરંતુ એમ તો મુસ્લિમ લીગ શું હિંદુ વિરોધી પક્ષ નથી ? પ્રણવ મુખર્જીને તાલીમ કાર્યક્રમમાં આમંત્રણ પાઠવીને સંઘે કોંગ્રેસ સામે છૂપો પડકાર ફેંક્યો છે તો બીજી તરફ પ્રણવદા જેવા પરિપક્વ અને અનુભવી નેતા સંઘના મંચ પર જઈને સંઘ વિશે કેવો અભિપ્રાય આપશે એ પણ અત્યારે તો અધ્યાહાર જ છે.

અષ્ટાંગ યોગઃ યમ-નિયમ

પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

ગતાંકે આપણે યોગ વિષેની થોડી ગેરસમજણોને દૂર કરી. યોગના સૌથી પ્રશસ્ત માર્ગ, અષ્ટાંગ યોગ વિષે પ્રારંભિક વાત કરી. અષ્ટાંગ યોગ કરવા અને આચરણમાં મુકવા માટે અમુક લાયકાત જોઈએ. અંગ્રેજીમાં કહેવત છે ''ધ સકસેસ ઈસ નોટ ફોર એવરીવન'', સફળતા દરેક વ્યક્તિને હાંસલ નથી થતી, લાયક વ્યક્તિને જ મળે છે. અષ્ટાંગ યોગનો હેતુ યોગમાર્ગ વડે સમાધિને પામવાનો છે, અને આ હેતુને સિધ્ધ કરવા માટે જ મહર્ષિ પતંજલિએ નિયમો ઘડ્યા છે. આપણામાંથી ઘણા લોકોનો હેતુ સમાધિ પામવાનો હોતો નથી. શારીરિક-માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે પણ ઘણા લોકો યોગ કરતા હોય છે. જે આવકાર્ય છે. એક રીતે જોઈએ તો આસન-પ્રાણાયામ કે ધ્યાન કરવા માટે કોઈ સ્પેશીઅલ લાયકાતની જરૂર નથી, પણ પતંજલિએ દર્શાવેલ અષ્ટાંગ યોગના પ્રથમ બે સોપાનોમાંથી જેટલું અનુસરાય તેટલું આપણા માટે લાભદાયક જ છે.

અષ્ટાંગ યોગના આઠ સોપાનો પૈકિનું પ્રથમ સોપાન એટલે ''યમ''. યમનાં પાંચ પ્રકારો છે. આ પાંચ 'યમ' આધ્યાત્મિક ઉન્નતિના ફાઉન્ડેશન છે. પાચેય પ્રકારના યમ નો ટુંક પરિચય મેળવીએ ૧) અહિંસાઃ કાયિક, વાચિક અને માનસિક અહિંસા એ યોગની પ્રથમ પૂર્વશરત છે. જગતના તમામ જીવો પ્રત્યે પ્રેમભાવ એ આધ્યાત્મિક ઉન્નતિનું પ્રથમ પગથીયું છે. ૨) સત્યઃ આપણું અસ્તિત્વ 'સત્ય' છે. સત્ય બોલતી વખતે વિચાર કરવો પડતો નથી. એક અસત્યને છુપાવવા માટે બીજા સો અસત્યો બોલવા પડે છે. સત્ય એ શુધ્ધ આત્મસ્વરૂપ છે. જૂઠું બોલનારાઓને અષ્ટાંગ યોગમાં સ્થાન નથી. ૩) અસ્તેયઃ અસ્તેય એટલે કોઈની વસ્તુ ન ચોરવી. મૂળભૂત રીત જોઈએ તો અસ્તેય એટલે બીજા કરતા ચડીયાતા થવાની કે મહત્વાકાંક્ષાઓ વધારતા જવાની ભાવનાઓ ને ઓછી કરવી. સંતુષ્ટ રહેવું. આ ભાવ વ્યક્તિને ભોગવાદથી આધ્યાત્મવાદ તરફ દોરી જાય છે. ૪) બ્રહ્મચર્યઃ આપણા શાસ્ત્રોમાં લખ્યું છે તે અનુસાર બ્રહ્મચર્યપાલન વ્યક્તિની ઓજસ્વી શક્તિમાં વધારો કરે છે. બ્રહ્મચર્યને કારણે વિચારોની આધ્યાત્મિક ગતિ તેજ બને છે.

૫) અપરિગ્રહઃ અપરિગ્રહ એટલે કોઈ પણ પ્રકારની તૃષ્ણા ન હોવી. તૃષ્ણા નહિં હોય તો મળેલ વસ્તુ ખોવાનો ડર નહિં હોય, અસંતોષ નહિં હોય, ચિંતા નહિં હોય, ક્રોધ નહિં હોય.

આપણે આ પાંચેય 'યમ' નું એનાલિસીસ કરીએ તો ખ્યાલ આવે કે યમ દ્વારા વ્યક્તિ માનસિક રીતે સજ્જ બને છે. યોગમાર્ગમાં આગળ વધવા માટે બાધારૂપ એવા નક્કામા વિચારો અને નક્કામી માનસિકતાને આ પાંચેય યમ ધ્વસ્ત કરે છે. આમ તો દરેક વ્યક્તિ યમનું અનુસરણ કરી જ શકે, સારૂં જ છે.

પ્રથમ સોપાન 'યમ' પછી બીજું સોપાન 'નિયમ'. નિયમ પણ પાંચ પ્રકારના છે..જોઈએ.. ૧) શૌચઃ શૌચ એટલે સ્વચ્છતા. શૌચ એટલે પવિત્રતા. શારીરિક, માનસિક, વાચિક શૌચ વડે વ્યક્તિ પવિત્ર બને છે. જે વ્યક્તિ આપણને 'ગુડ કેરેક્ટર' કે 'ગુડ મેન' લાગતી હોય એ આ કેટેગરીની હોઈ શકે.

૨) સંતોષઃ જેટલું છે તેમા મોજ કરવી, અને આનંદમાં રહેવું. સંતોષ હોવો એ અધ્યાત્મિક ઉન્નતિનું એક ખૂબ મહત્વનું પાસું છે. ભૌતિકતામાં મહત્વાકાંક્ષાઓનો પાર નથી. જે લોકોનો ગોલ ભૌતિક્તા તરફ છે તે લોકોએ મહત્વાકાંક્ષાઓ રાખવી જ જોઈએ, પણ આ મહત્વાકાંક્ષાઓ યોગ અને આધ્યાત્મિક માર્ગમાં બાધારૂપ છે.

૩) તપઃ તપ ઘણા પ્રકારના છે. શરીરને કષ્ટ આપવું એ પણ તપ છે. ઘણાં હઠયોગીઓ સખત ઠંડી-ગરમીમાં શરીરને કષ્ટ પડે તેવા આસનો ધારણ કરીને કલાકો-દિવસો સુધી તપ કરતા હોય છે. આ ઉપરાંત માનસિક તપ પણ હોય છે, જે વધુ જરૂરી છે. મનને કાબૂમાં રાખવું એ ખૂબ અઘરૂં કામ છે.

૪) સ્વાધ્યાયઃ માનસિક તપનું એક સાધન એટલે સ્વાધ્યાય. સતત એક વિચાર.. ''હું કોણ છું?'' અને એ વિષે અધ્યયન. આ સ્વાધ્યાય વડે જ વ્યક્તિની આધ્યાત્મિક આકાંક્ષાઓની શરૂઆત થાય છે. પોતાના મૂળ સ્વરૂપને જાણવાની તાલાવેલી લાગે છે.

૫) ઈશ્વરપ્રણિધાનઃ શરણ ભાવ. જ્યારે બધું છૂટી જાય, બધું ઉલ્ટું થાય, ત્યારે

અનુસંધાન પાના નં ૭ પર

બુધ્ધમ, શરણમ, ગચ્છામિ; ધર્મમ શરણમ ગચ્છામિ; સંઘમ શરણમ ગચ્છામિ

મનના ઉમંગો

રણછોડ પરમાર

ભાગ-૨

ગૌતમ બુધ્ધના જીવનમાં ચાર સ્થળો બહુ અગત્યના છે. એક લુમ્બિની, જ્યાં શ્રી ભગવાનનો જન્મ થયો હતો. તે નેપાલમાં આવ્યું છે. બીજું બૌધ્ધગયા જ્યાં તેમને જ્ઞાન પ્રાપ્ત થયેલું.તે બિહારમાં આવેલું છે. ભગવાને આ ધરતી પર ખુબ વિહાર કર્યો હતો તે પરથી આખા પ્રદેશનું નામ બિહાર પડી ગયું છે.જે ધરતી પર સ્વયં શ્રી બુધ્ધ ભગવાને વિચરણ કર્યું હોય તે વિસ્તારના લોકો કેટલા ઉમદા વિચારોના હોય ? બિહારનું નામ પડતાં જ તમારા નાકનું ટીચકું કેમ ચડી જાય છે ? ત્રીજુ આ સારનાથ; જેની અમે મુલાકાતે જઈ રહ્યા હતા અને ચોથું કાશીનારા ,ત્યાં તેઓ નિર્વાણ પામ્યા હતા.તે પણ બિહારમાં આવ્યું છે.

ભૈરવનાથના મંદિરમાં જે ઘટના બની હતી તે યાદ આવતાં મગજ બહેર મારી જતું હતું. સારનાથની ધરતી પર પગ અડતાં બધા સંતાપ શમી ગયા. સારનાથ કોઈ એક મંદિરનું નામ નથી. એક આખા ગામ તો શું નાનકડા શહેર જેવડું છે. તેમાં અનેક મંદિરો આવેલા છે. શાંતિથી પગે ચાલીને ફર્યા હોઈએ તો આખો દિવસ પસાર થઈ જાય અને એકલા સારનાથનો નાનકડી સ્વતંત્ર પુસ્તિકા થઈ શકે તેટલી વસ્તુઓ જોવાલાયક છે.

સારનાથના મુખ્ય મંદિરનું નામ મૃગગંધી છે.(નાશ પામેલા મૂળ મંદિરનું નામ મૃગગંધી કુટી વિહાર હતું,) શ્રી ગૌતમ બુધ્ધ પહેલીવાર અહીં જ્યારે આવ્યા ત્યારે અહીં મૃગોનું વન હતું. તેથી તેનું નામ મૃગુગંધી પડ્યું છે. વારાણસીની અશાંતિથી બચવા ભગવાને આ સ્થળ પસંદ કર્યું હશે તેવું માની શકાય. રસ્તા પરથી મંદિરના કમ્પાઉંડમાં પ્રવેશતાં છેક મંદિરના ઓટલા સુધી પગરસ્તાની બંને બાજુએ બુધ્ધ ભગવાનના ઉપદેશનાં દર્શનીય ફોટા લગાવેલા છે. ફોટાની સાથે ભગવાનના ઉપદેશના મુખ્ય સૂત્રો પણ આપેલા છે. કોઈ ચીની પ્રવાસીએ આ મંદિર બંધાવ્યું છે તેની પ્રતિમા જમણી બાજુએ છે. મંદિરમાં ગૌતમ બુધ્ધની ભવ્ય મૂર્તિ છે. તેની દિવાલો પર સુંદર ચિત્રો દોરેલા છે મંદિરની બહાર લીલા ઘાસ પર કેટલાક વિદેશી પ્રવાસીઓ ધ્યાનમાં બેઠા હતા.તેઓના ચહેરા પર અપાર શ્રધ્ધા અને ભક્તિભાવ સ્પષ્ટ દેખાતા હતા. તેમાં કેટલીક મહિલાઓ પણ હતી.દૂર દૂરના દેશથી આવેલા એ વિદેશીઓને ખબર ન હતી આ દેશના લોકો એમને કેટલી નવાઈથી જુવે છે. એ બધા આંખ મીંચીને બેઠા હતા. અમે આ મુલાકાતીઓના ફોટા લીધા. અમારામાંથી કોઈએ એ વિદેશીઓ સાથે પોતાના ફોટા પડાવ્યા નહીં કે સેલ્ફી લીધી નહીં તેની મને આ લખતાં લખતાં નવાઈ લાગે છે. આજુબાજુ પણ ઘણા વિદેશી ઘુમી રહ્યા હતા. તેમને ગાઈડ અંગ્રેજીમાં ઘણી સારી વિગતવાર માહિતી આપી રહ્યો હતો. અમારો હિન્દી ગાઈડ બહુ ટૂંકમાં વિગતો જણાવતો હતો.

મંદિરની જમણી બાજુના ભાગમાં ભગવાને તેમના પાંચ અનુયાયીઓને પહેલીવાર ઉપદેશ આપ્યો હતો તેની સુંદર પ્રતિકૃતિ બનાવેલી છે.એક ઊંચા ઓટલા ઉપર ભગવાન બેઠા છે તેમની સામે પેલા પ્રખ્યાત પાંચ અનુયાયીઓ બેઠા છે. અહીંથી ભગવાન બુધ્ધના ઉપદેશનો પ્રારંભ થયો હતો. અને બૌધ્ધ ધર્મ સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયો હતો. તેની બહાર એક વિશાળ ઘંટ છે. બીજુ પણ એક મંદિર છે. તેમાં ગૌતમ બુધ્ધની ભવ્ય મૂર્તિ છે. તેની દિવાલો પર સુંદર ચિત્રો દોરેલા છે. હું મંદિરમાં ફોટા પડાતા નથી એવું સમજી કેમેરા વગર અંદર ગયો. અને અદ્ભુત ફોટાઓથી વંચિત રહ્યો. બ્રિજેને આ તક ગુમાવી નથી, તેણે કેટલાક ફોટા પાડ્યા છે મને ફેસબુક પર મોકલે ત્યારે ખરો ! ત્યાં અંગ્રેજી પુસ્તક મળતા હતા.પણ ફોટોગ્રાફ્સનું એકે પુસ્તક ન હતું.

સારનાથ તેના વિશાળ સ્તુપ માટે પ્રખ્યાત છે. સૌ પ્રથમ સમ્રાટ અશોકે આ સ્તુપ બંધાવેલ.તે પછી તે કેટલીયે વાર ક્ષતિગ્રસ્ત થયો અને ઘણા રાજાઓએ તેનું સમારકામ કરાવ્યું . મહંમદ ગઝનીના આક્રમણ વખતે સારનાથને મહત્તમ નુકશાન થયું હોવાનું મનાય છે. વિધર્મી આક્રમણખોરો પોતાનો ખોફ જમાવવા આપણી સંસ્કૃતિને નુકશાન કરતા હતા.કમાલની વાત એ છે કે જગતસિંહ નામના એક રાજાના અમલ દરમ્યાન વારાણસીના એક મહોલ્લાના નિર્માણ માટે લોકો આ સ્તુપની ઈંટો કાઢી ગયા હતા. તો પછી અત્યારે વિજયના મદમાં આપણા દેશના જ લોકો આપણા દેશના નેતાઓના પૂતળા તોડી નાખતા અચકાતા નથી તે જાણી શેની નવાઈ લાગે ?

સારનાથનું મોટા ભાગનું નિર્માણ ગુપ્તકાલમાં થયું હોવાનું મનાય છે.ભારતનો એ સુવર્ણકાળ હતો. ચીની યાત્રી હ્યુએન સીંઘે તેની મુલાકાત લીધી હતી.તે કાળે મૃગુગંધી કુટી વિહારનું મંદિર હયાત હતું .હ્યુ એન સીંઘના જણાવ્યા મુજબ તેની ઊંચાઈ ૬૧ મીટરની હતી. અને ૧૮ મીટરની લંબાઈ-પહોળાઈ ધરાવતી દીવાલો હતી. તેમાં ઊંચી સોનામાંથી બનાવેલી બૌધ્ધની મૂર્તિ હયાત હતી.મંદિરનું દ્વાર પૂર્વ દિશામાં હતું. દરવાજાની સામે એક મંડપ હતો અને સામે મોટું પ્રાગણ હતું. તે ભારતીય સંસ્કૃતિથી અત્યંત પ્રભાવીત થયો હતો.ચીની યાત્રીના પ્રવાસનો નકશો ચીની સંસ્થાએ બાંધેલ એક મંદિરની બહારની ભીંત પર રાખવામાં આવેલો છે વિમાન,કે બસની ગેરહાજરીમાં તેણે કદાચ ગાડાનો કે ઘોડાનો ઉપયોગ કર્યો હશે. પણ આટલા ઘોર જંગલો. નદીઓ ,પહાડોમાંથી પસાર થઈને તેણે કેટલો કઠણ પ્રવાસ કર્યો હશે તેનો એક વાર વિચાર કરીએ તો સદર પ્રવાસ આયોજકને રોજેરોજ ફરીયાદ કરનારાનો જીવ એકવાર તો અચકાય. ત્રીસ વરસની ઉંમરે તેણે યાત્રાનો પ્રારંભ કર્યો હતો અને જીવનનો મોટો ભાગ કદાચ ભારતની યાત્રામાં જ પસાર થઈ ગયો હશે. તેની નોંધો ભારત માટે અમૂલ્ય છે.

આખો સ્તુપ મોટા નલાકાર જેવો છે. નીચેના ભાગમા લાલ પથ્થરો છે તે ભાગ થોડો પહોળો છે અને ઉપરનો સહેજ સાંકડો છે તેનું લાલ ઈંટો વાપરીને નિર્માણ કરવામાં આવ્યું છે. પથ્થરો પર કોતરણી કરવામાં આવી છે. સ્તુપની સામે ઊંચો અશોકસ્તંભ પણ ઊભો કરવામાં આવ્યો હતો જે મહંમદ ગઝનીના આક્રમણ દરમ્યાન તોડી નખાયો હતો. અશોક સ્તંભની આજુબાજુ બૌધ્ધ સાધુના રહેઠાણ અને એક વિશાળ ધર્મસભાનું મકાન પણ હતું જે બધું અત્યારે જમીનદોસ્ત છે. ખાલી પાયા દેખાય છે. તેની જાડી જાડી દિવાલો જોતાં જ કેટલા વિશાળ ભવનો રચાયા હશે તેની કલ્પના કરતાં છક થઈ જવાય છે. સિનીયર સીટીઝનો તો અડધુ જોઈને પાછા વળી જાય તેટલા બધા બાંધકામના અવશેષો છે. પણ વિદેશીઓ આપણો આ અમૂલ્ય વારસો જોતાં સહેજે થાકતા નથી.અમે ગયા ત્યારે પણ ઘણા બૌધ્ધ સાધુ-સાધ્વી આ સ્તુપ પાસે આવ્યા હતા. સાધુઓએ ગેરુઆ રંગના અને મહિલાઓએ સફેદ રંગનાં વસ્ત્રો પહેર્યા હતાં.અમે આવ્યા ત્યારે તેઓ ઘાસમાં બેસી ધ્યાન ધરતા હતા.થોડીવારમાં બધા સ્તુપ પાસે આવ્યા અને કશીક પ્રાર્થના કરી. તે સિવાય સર્વે એકદમ શાંત હતા. બધા સાધુ યુવાન હતા.બધાના વાળ કાળા હતા. લાકડીના ટેકે ડગુમગું ચાલતો હોય તેવો એકે સાધુ જોવામાં આવ્યો નથી.

થોડેક દૂર જાપાનીઓએ બંધાવેલું મંદિર હતું. તેનો દરવાજો સરસ કોતરણીવાળો હતો. અહીં સૂતેલા બુધ્ધ ભગવાન છે. તેમના હાથ ઘુટણ કરતા લાંબા છે. કાન મોટા અને ઓષ્ઠ આકારના છે. પગમાં પદ્મનું નિશાન છે. આંખોમાંથી પ્રેમ અને કરુણા વરસી રહ્યાં છે. કુશીનારામાં ભગવાન જ્યારે નિર્વાણ પામ્યા ત્યારે આ સ્થિતિમાં સૂતા હશે.

સારનાથમાં એક મ્યુઝિયમ છે. સમગ્ર પ્રવાસ દરમ્યાન પહેલીવાર કોઈ મ્યુઝિયમ જોવા મળ્યું . એક વસ્તુ મેં ખાસ નોંધ કરી છે કે અતિ ધાર્મિક પ્રવાસીઓને સંગ્રહાલય જોવાં કદી ગમતાં નથી. આમ સંસ્કૃતિના ગૌરવની વાતો કરવી હોય તો બીજા કોઈને બોલવા પણ ના દે અને સંસ્કૃતિનાં અવશેષો જોવાનો અવસર સામે આવે તો ઢીલાઢફ પડી જાય.નવાઈની વાત એ છે કે આપણા મ્યુઝિયમોને વિદેશીઓ ખુબ રસથી જુવે છે. આ સંગ્રહાલયમાં ખોદકામ દરમ્યાન મળેલી મૂર્તિઓ અને બીજા અવશેષો રાખવામાં આવ્યાં છે.બુધ્ધ ભગવાનની વિશિષ્ટ મુદ્રાઓવાળી મૂર્તિઓ જોવા મળી. બચેલી મૂતિઓનું શિલ્પકામ ખરેખર અદ્ભુત છે. અહીં મૂળ અશોક સ્થંભના મથાળે ઉભેલા સિંહનું શિલ્પ જોવા મળ્યું . સંગ્રહાલયમાં ફોટો પાડવા દેતા નથી પણ બહાર એક મંદિરમાં અશોકસ્થંભની પ્રતિકૃતિ બનાવેલી છે તેના ફોટા લઈ શકાય છે.આપણી રાષ્ટ્રીય મુદ્રામાં તેનું પ્રતિક લેવામાં આવ્યું છે.પ્રતિકૃતિવાળા સ્થંભમાં ચારેચાર સિંહ અક્ષત છે જ્યારે અસલ શિલ્પમાં એક સિંહનું જડબું તૂટી ગયેલું છે. બધાએ પ્રતિકૃતિવાળા સિંહોના મનભરીને ફોટા પાડ્યા.ઘણાએ તો ચારે દિશામાં ફરીને ફોટા પાડ્યા. પીપળાના વૃક્ષ નીચે બેઠેલા ભગવાન પણ બનાવેલા છે. જેમાં વૃક્ષ અસલી છે અને મૂર્તિ આબેહુબ છે. તેનો ફોટો મેં લીધો છે. નસીબજોગે થોડોક સારો આવ્યો છે.

અહીં એક ચૌખંડી સ્તુપ છે.તે અમને બતાવવામાં આવ્યો ન હતો. બીજું જૈન મંદિર છે. જૈનોના અગિયારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથનો જન્મ સારનાથમાં થયો હતો.ત્યારે આ નગરનું નામ સિંહપુર હતું. એક હિંદુ મંદિર(સારંગનાથ મહાદેવ) છે. ત્યાં શ્રાવણ માસમાં મેળો ભળાય છે. તે પણ કોઈ બતાવતું નથી. સંગ્રહાલયની બહારની બાજુએ એક બનારસી સાડીઓની દુકાન છે, જેને અમારામાંથી કોઈ જોવા ઉત્સુક ન હતું.

જીવનસાથીની કદર કરતાં શીખો, તેની અવગણના કે અવહેલના કદી ના કરો

લાગણીનો મેળો

રસિક વાળંદ

'ઘાયલ' સદાય હરતી એની નજર કનેથી,
મેં મુફલિસીમાં પુષ્કળ તાકાત મેળવી છે.
- અમૃત 'ઘાયલ'

મંદિર પરિસરમાં બાંકડે બેઠેલા એક સદ્‌ગૃહસ્થ સાથે સહજ પરિચય કેળવાયો. પ્રથમ ઓળખાણે... ભીતરના કમાડ ઊઘડ્યાં... અસ્ખલિતપણે એ વૃદ્ધ વ્યક્તિએ પોતાની જીવનકથાનાં પાનાં ફેરવવા માંડ્યા... નિવૃત્તિના બે દાયકા વિતાવ્યા... પરિવાર સુખી સંપન્ન.... આંખ આગળ ચાર પેઢીની લીલી વાડી... નિષ્ઠાવાન - કર્મઠ શિક્ષકધર્મ બજાવ્યાનો આનંદ.... પરંતુ પ્રબળ ધર્મભાવના ધરાવતી આદર્શ સહધર્મચારિણીને શિક્ષિકા એવી પત્નીનો ખાલીપો પંડને કેવો પીડે છે એ વાત કરતાં આ બુઝુર્ગની આંખોના ખૂણા ભીના થઈ ગયા !!! પત્ની વિનાના સાવ લુખ્ખા એકાકી જીવનનો વસવસો આ પાકટ જનને કોરી ખાતો હતો...

'કૌન દેતા હૈ ઉમ્રભર કા સહારા, લોગ તો જનાજા મેં ભી કંધે બદલતે રહતે હૈ...'

દોસ્તો, લોકો કહે છે કે, એકલા આવ્યા અને એકલા જવાનું....! શું એકલા જીવવાનું શક્ય છે ?

જીવન સાથી વિના જીવન પસાર કરવું કેટલું મુશ્કેલ છે ?

જનાર વ્યક્તિ આમ તો કશું લઈ જતી નથી અને છતાં આપણું સર્વસ્વ લઈ જાય છે...

'કોણે કહ્યું ખાલી હથે મરી જવાના.

દુનિયાથી દિલના ચાર છેડા ભરી જવાના.'

જીવનસાથીની કદર કરતાં શીખો. તેની અવગણના કે અવહેલના કદી ના કરશો. 'જીવનસાથી'માંથી 'જીવ' નીકળી જાય પછી કેવળ 'ન સાથી' રહી જાય છે. પછી કશામાં જીવ લાગતો નથી. ઘરમાં બેઠા હોઈએ ત્યારે... ઘડીકમાં તેના અવાજનો રણકો કાનમાં સંભળાય છે. યાદોનો ગણગણાટ દિલમાં ગુંજી ઊઠે છે. ખાલી મકાનમાં પડઘા પડતા હોય તેમ તેમ તેના પડઘા મનમાં પડે છે. પણ આ બધું થોડી જ વારમાં ભ્રમ સાબિત થાય છે.

ખાવાના મેજ ઉપર તેની ભાવતી વાનગી જોઈને આંખની પાંપણ આપોઆપ ભીની થઈ જાય છે. બહાર નીકળતાં એની એ જ દુનિયા અને એના એજ લોકો અજાણ્યા લાગવા માંડે છે. જીવન સાથી સાથે વિતાવેલ સમય અને સ્મરણોનું ગૂંચળું ગળામાં ડૂમો બની જાય છે. આંખના આંસુ પણ થીજી જાય છે. માટે કહું છું કે આજથી અને અત્યારથી જ તમારા જીવનસાથીની કદર કરતા શીખો. કયારેક વિચાર કર્યો છે કે જીવનસાથી વિદાય લે તો શું દશા થાય ?

વિચાર ન કર્યો હોત તો આજે જ કરજો અને આજથી તમારી પ્રિય વ્યક્તિને અસીમ પ્રેમ કરવાનું શરૂ કરી દેજો. અને સ્નેહવર્ષાથી નવડાવી દેજો. અને સામે તમારી પ્રિય વ્યક્તિના પ્રેમને ઝીલવા અને તેનું સન્માન કરવા તત્પર રહેજો. તમારી પ્રિય વ્યક્તિને દિલથી જણાવો કે તું છે તો આ બધું છે કારણ કે તું છે તો હું છું... તું ન હોય તો હું સાવ એકાકી... તારા વગર જગ સૂનું... જે આજે પ્રેમ નથી કરી શકતો તે પાછળથી પસ્તાય છે... ચાલી ગયેલી આજ કયારેક પાછી નથી આવતી... અને ચાલી ગયેલી વ્યક્તિ પણ...!!!

Love Is Life

દોસ્તો, OPEN ઔર CLOSE દોનો વિરોધી શબ્દ હૈ, લેકિન કિતની મજે કી બાત હૈ કી, હમારા મન OPEN ઉસી કે સામને હોતા હૈ, જો હમારે બહુત CLOSE હોતા હૈ...

''ધીરે ધીરો ઉમ્ર કટ જાતી હૈ
જીવન યાદો કી પુસ્તક બન જાતી હૈ,
કભી કિસી કી યાદ બહુત તડપાતી હૈ
ઔર
કભી યાદો કે સહારે જીંદગી કટ જાતી હૈ...''

અંતમાં લાગણીભીની સહજ સંવેદના...

'થોડા સફેદ વાળ પ્રિયે આજે તારા જોયા'
અફસોસ થયો એવો કે કેટલા વર્ષો ખોયા.
થોડા વિખરાયા, થોડી જાયને સંભાળી,
લડતાં ઝઘડતાં આપણે કેટલા સપનાં જોયા.
મુકામો કેટલા ને વિસામા પણ કેટલા ?
નીતરતી આંખોએ કેટલા અવગુણ ધોયા.
ચાલ આજની ક્ષણો
બધી ભરી દઉં તારી સુગંધથી,
કાળના લેખ કોણે જોયા ?

સ્પર્શમણિ -

જ્યારે તમે તમારા જ લોકોને સ્વીકારી કે સમજી નથી શકતા ત્યારે તમારે એકલતાની સજા ભોગવવી પડે છે.

rasikvaland1965@gmail.com
Mo. 9913426949